## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




હમણા... અહીંનું ટેમ્પરેચર વધે' તો... રેકોર્ડમાં આંકડા ન મુકવા... આ ટેમ્પરરી...

# સાણંદથી ગાંધીનગર સુધી ખેડૂતોની 'અધિકાર રેલી'

### નળકાંઠા વિસ્તારના ગામોમાં સિંચાઈના પાણીની વ્યવસ્થા માટે આંદોલન : મંગળવારે ૨ હજારથી વધુ ખેડૂતો ટ્રેક્ટર લઈને રેલીમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૨

નળકાંઠા વિસ્તારના કેટલાક ગામોને અંગ્રેજ શાસન દરમ્યાન ફતેવાડી સિંચાઈ યોજનામાં સમાવવામાં આવ્યા હતા પરંતુ ૨૦૦ વર્ષથી અત્યાર સુધીની સરકારે આ ગામોના હિતમાં સિંચાઈ માટે પાણીની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી. આ વિસ્તારના કેટલાય ગામમાં નર્મદા કેનાલ પણ નથી. પાણીના અભાવે ખેડૂતો ખેતી કરી શકતા નથી અને આ જ કારણોસર ખેડૂતો ખેતીલાયક જમીન વેચીને શહેરી વિસ્તારમાં મજુરી કરવા મજબુર થયા છે. સ્થાનિક ખેડૂતોએ આગેવાનો સાથે મળીને સરકારમાં કરેલી રજુઆતો બાદ પણ કોઈ પગલા ન લેવાતા હવે ખેડૂતો આંદોલનના મુડમાં આવ્યા છે. સરકાર પ્રત્યે ભારે અસંતોષ ધરાવતા ખેડૂતોને સિંચાઈની માંગણીને વાચા મળે તે માટે ૧૪ ફેબ્રુઆરી મંગળવારે ખેડૂત અધિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળ્યુ છે. મંગળવારે સવારે ૮ વાગ્યે ઉપરદળ (સાણંદ-નળસરોવર રોડ) ગામેથી ખેડૂતો રેલી સ્વરૂપે નીકળીને ગાંધીનગર ખાતે આવશે. આ રેલીમાં ૨ હજારથી વધુ ખેડૂતો ટ્રેક્ટર લઈને જોડાશે તેવુ ખેડૂત અધિકાર રેલીના સંયોજક શૈલેષ ઠક્કર તથા ઋતુરાજ મહેતાએ જણાવ્યુ છે.

# શહેરના સંગીત સર્કલમાંથી કેરબા ભરીને પાણી નાગરિકો લઈ જાય છે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ગ માર્ગ પર આવેલા ગ-૧ સંગીત સર્કલને હરીયાળુ રાખવા તંત્ર દ્વારા પાણીની લાઈન નાંખવામાં આવી છે. પરંતુ આ સર્કલથી પાણીનો બેફામ બગાડ થાય છે તેમજ આસપાસના નાગરીકો કેરબા ભરીને પાણી લઈ રફુચકકર થઈ જાય છે. જયારે તંત્ર દ્વારા સર્કલને હરીયાળા રાખવા માટે મુકવામાં આવેલ ટાંકી ખાલીખમ હોવાથી સર્કલમાં પાણીનો છંટકાવ જોઈએ તેટલી માત્રામાં થઈ શકતો નથી. સર્કલની આસપાસ એટલી હદે પાણીનો બગાડ થાય છે કે સર્કલની આસપાસનો માર્ગ પણ પાણી પાણી થઈ જાય છે. ત્યારે સર્કલ પર પાણીની થતી હેરાફેરી અટકાવવા તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર શહેરના સુંદર અને પહોળા માર્ગ પર તંત્ર દ્વારા દરેક કિલોમીટરના અંતરે સર્કલ મુકવામાં આવ્યા છે. શહેરના માર્ગો તેમજ સર્કલોનું નામાકરણ કરવામાં આવ્યા છે. ત્યારે માર્ગ વચાળે આવેલા સુશોભિત સર્કલની યોગ્ય જાળવણી માટે જે તે સંસ્થાને આપવામાં આવ્યા છે. તેમજ તંત્ર દ્વારા પણ તેની માવજત કરવામાં આવે છે. શહેરના સર્કલની સુંદરતા કાયમ રહે તે માટે પાણીની પાઈપ લાઈનની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. પાણી જેટલો છંટકાવ સર્કલમાં થતો નથી તેનાથી વધુ તો પાણી શ્રમિક પરિવારો કેરબા ભરીને લઈ જાય છે. પાણીનો બગાડ પણ મોટીમાત્રામાં થવા પામે છે. શહેરના સંગીત સર્કલથી સવારના સુમારે પાણીની પાઈપલાઈનમાંથી નાગરીકો પાણી લઈ જાય છે ત્યારે સર્કલ માટે રાખવામાં આવેલ પાણીની ટાંકી પુરતા પ્રમાણમાં ભરાતી નથી. જેથી સર્કલમાં પાણીનો છટંકાવ થઈ શકતો નથી. પાણી ભરતી વખતે પણ પાણીનો બગાડ થતો હોવાથી માર્ગ પાણી પાણી થઈ જાય છે. ત્યારે પાણીનો બગાડ થતો જોઈને નાગરીકો હેરાન પરેશાન થઈ ઉઠયા છે. ત્યારે સર્કલ પર પાણીનો બગાડ તેમજ હેરાફેરી અટકાવવા તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી માંગ સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવી રહી છે.

# મગોડી ખાતે 'મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલ'નો નામાભિધાનનો ભવ્ય સમારોહ યોજાયો

### સાંસ્કૃતિક હોલનું પણ લોકાર્પણ કરાયું : મુખ્ય દાતા મોન્ટેકાર્લોના ચેરમેન કનુભાઈ પટેલ તથા રાજયના ડીજીપી પી.પી. પાન્ડેય ઉપસ્થિત રહ્યાં : કનુભાઈએ ૭૨ લાખનું માતબર દાન આપ્યું





ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ રવિવારે યોજાયો હતો. આ સાથે સાંકુલના પ્રવેશદ્વાર અને સાંસ્કૃતિક હોલનું પણ લોકાર્પણ યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ સંકુલને વિકસાવવામાં મદદરૂપ થનાર મુખ્ય દાતા કનુભાઈ એમ. પટેલ તથા ગુજરાત રાજયના ડીજીપી પી.પી. પાન્ડેય ઉપસ્થિત રહ્યાં હતા.

ઢોલ-નગારા અને બેન્ડની સુરાવલીઓ સાથે યોજાયેલા સમારંભના પ્રારંભે સંકુલના પ્રવેશદ્વારનું ''ખોડાભાઈ તથા સોમાભાઈ પટેલ પ્રવેશદ્વાર'' નામાભિધાન કરાયું હતું. કાર્યક્રમના પ્રારંભે શ્રી કેળવણી મંડળના પ્રમુખ નવનીતભાઈ પટેલે શાબ્દિક સ્વાગત કર્યુ હતું તથા મંત્રી જે.ડી. શાહે મહેમાનોના પરિચય સાથે સંસ્થાનો પરિચય પણ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થાના વિકાસ માટે કનુભાઈ મફતભાઈ પટેલે ૭૨ લાખની માતબર રકમનું દાન આપ્યું છે. તેમના હસ્તે ''દિનાબેન કનુભાઈ પટેલ સાંસ્કૃતિક હોલ''નું ઉદ્‌ઘાટન તથા સંસ્થા સંકુલનું ''મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલ'' નામાભિધાન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કનુભાઈ પટેલ સુપ્રસિદ્ધ મોન્ટેકાર્લો કંપનીના સ્થાપક ચેરમેન છે. તેમની જીવનયાત્રાની ઝાંખી કરાવતા પુસ્તકનું પણ એત્રે વિમોચન કરાયું હતું. સમારંભમાં સંકુલના દાતાઓ ઉપરાંત જનકલ્યાણના જ્યોતિર્ધર દાતાઓનું પણ વિશિષ્ટ સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં 'અચલા'ના [illegible] સાહિત્યકાર મફતભાઈ પટેલ, નરોડા કેળવણી મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, માહિતી અધિક નિયામક અરવિંદભાઈ પટેલ, ઉપરાંત જયંતિભાઈ પટેલ, ગોવિંદભાઈ પટેલ જેવા અગ્રણીઓ તેમજ ગામના સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. સમારંભનું સંચાલન બળવંતભાઈ પ્રજાપતિ તથા રતિભાઈ પટેલે સંભાળ્યું હતું. સમારંભના અંતે શાળાના આચાર્ય મનુભાઈ પટેલે આભારદર્શન વ્યક્ત કર્યુ હતું.

# હોસ્પિટલમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન વર્તમાન સપ્તાહમાં આવે તેવી વકી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે પાંચમા વર્ષનું છેલ્લુંઈન્સ્પેકશન આવવાની તૈયારીમાં છે. આ ઈન્સ્પેકશન હોસ્પિટલના ઈન્ફ્રાસ્ટ્રચરને લગતું હોવાથી તંત્ર દ્વારા પૂર્ણ તૈયારીઓ પણ કરી દેવાઈ છે. એમસીઆઈને પગલે હોસ્પિટલ તંત્ર પણ વાયબ્રન્ટ બની ગયું છે. ત્યારે આ સપ્તાહમાં મેડીકલ કાઉન્સીલની ટીમ આવે તેવી શકયતાઓ છે. મેડીકલ કોલેજ આ ઈન્સ્પેકશનના રીપોર્ટ આવ્યા બાદ માર્ચ મહિનામાં પીજી માટે એપ્લાય કરી શકે છે. જેથી તંત્ર દ્વારા આ ઈન્સ્પેકશની કાગડોળે રાહ જોવાઈ રહી છે.

તાજેતરમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ટીમ વિદ્યાર્થીઓની પરિક્ષા નિયમ મુજબ લેવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરવા આવી હતી. ત્યાર બાદ છેલ્લુ ઈન્સ્પેકશન ઈન્ફ્રાસ્ટ્રકચરનું બાકી રહ્યું છે. એમસીઆઈના નિયમ મુજબ ટીમ પરિક્ષાના એક મહિના પહેલા કે પછી આવી શકે છે. જેથી ટીમ આવીને પરત ગઈ તેનો સમયગાળો પૂર્ણ થઈ ગયો છે. ગમે તે ઘડીએ હોસ્પિટલમાં ટીમ આવી શકે તેવી શકયતાઓ રહેલી છે. હોસ્પિટલના સતાધિશોએ પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ત્યારે હવે ખુદ કર્મચારીઓ પણ કાગડોળે રાહ જોઈને બેઠા છે કે એમસીઆઈની ટીમ કયારે આવે. ત્યારે હોસ્પિટલના અંતરંગસુત્રો જણાવી રહ્યા છે કે આ સપ્તાહમાં ગમે તે ઘડીએ ટીમ આવવાની શકયતાઓ રહેલી છે. જેને પગલે હોસ્પિટલના તમામ વોર્ડના કર્મચારીઓને સજાગ અને સજજ રહેવાના આદેશ કરી દેવામાં આવ્યા છે.

# ચિલોડા ખાતે રામાપીરનો તૃતિય પાટોત્સવ યોજાયો

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા ખાતે ઈન્દિરાનગર વસાહત ખાતે મથુરભાઈ રાવળના યજમાન પદે રામાપીરનો તૃતિય પાટોત્સવ યોજાયો હતો. ચિલોડા ખાતે ૩૩ જયોત પાટોત્સવ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં હજ્જારો ભકતો જોડાયા હતા. આ શોભાયાત્રા ચિલોડાના માર્ગો પર ફરીને પરત રામાપીર મંદિરે પહોંચી હતી.આ પ્રસંગે રાત્રે ભવ્ય ભજન અને સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટીસંખ્યામાં ભકતજનો હાજર રહ્યા હતા અને દર્શનનો લ્હાવો લીધો હતો.

# સાદરા વિદ્યાપીઠ ખાતે ઊર્જા બચત અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગુજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે એમએસસી અને બીએસસીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ઉર્જા બચત અંગે માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. આ પ્રસંગે પેટ્રોલીયમ ઓઈલ કંઝરવેશન અવેરનેસ અને ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા ઉર્જા બચત અને સંરક્ષણની સમજુતી આપતો માર્ગદર્શન સેમીનારની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટીસંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.



ગાંધીનગર મહાનગર વોર્ડ.૧ સેક્ટર .૨૭ ખાતે પંડિત દીનદયાળજીની પુણ્યતિથિ નિમિતે તેઓના જીવન કવનનું વાંચન સમર્પણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ ગોપાલક બોર્ડ ચેરમેન શ્રી સંજયભાઈ દેસાઈ તથા કોર્પોરેટર શ્રીમતી બરખાબેન જહા, ઉરેન પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# એક સમય હતો, સચિવાલય જ નહી જિલ્લાની વહીવટી કચેરીઓ મોદીના નામથી ધ્રુજતી હતી




એક સમય એવો હતો કે જ્યારે સચિવાલયમાં નરેન્દ્ર મોદીની એન્ટ્રી થતી ત્યારે વિભાગીય કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ સિન્સિયર બનીને કામ પર લાગી જતા હતા. ગુજરાતમાં ૨૦૦૨ થી ૨૦૧૩નો સમય એવો હતો કે સચિવાલયમાં મોદીની ગેરહાજરી હોય છતાં ઓફિસરોને ડર લાગતો હતો. મોદીની ધાક ગાંધીનગર પૂરતી મર્યાદિત ન હતી, છેવાડાના ડાંગ અને કચ્છ જિલ્લાના ઓફિસરો પણ પડ્યો બોલ ઝીલી લેતા હતા, આજે પરિસ્થિતિ જુદી છે. મોદીના નામનો ડર રહ્યો નથી. આનંદીબહેન પટેલની સરકારમાં જે રીતે વહીવટી થતો હતો તેવો વહીવટ અત્યારે દેખાય છે. વિજયભાઈ સારા વ્યક્તિ છે. કુશળ છે. મિલનસાર છે, મુલાકાતીઓને અવશ્ય મળે છે, પરંતુ તેમની ધાક જોવા મળતી નથી પરિણામે વહીવટમાં જેવી સ્થિતિ સચિવાલયની છે તેવી સ્થિતિ જિલ્લાની કચેરીઓની છે. હેડ થી બોટમ સુધી એક જ સિરસ્તો ચાલે છે- ક્યારેક નીચે થી તો ક્યારેક ઉપરથી ફાઈલમાં નોટીંગ અવળું થાય છે.

**ટેક્સ હોટલ ચૂકવતી નથી, ગ્રાહક આપે છે...**

કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર કોઈ ટેક્સ નાંખે છે ત્યારે તેનું ભારણ એન્ડ યુઝર્સ પર આવતું હોય છે પરંતુ કોઈપણ સરકાર એમ કહેતી નથી કે અમે સામાન્ય જનતા પર ટેક્સ નાંખ્યો છે. આવું કેમ થાય છે તેવા પ્રશ્નનો જવાબ મિનિસ્ટર પાસે તો નથી પરંતુ સચિવાલયના ચોથા વર્ષના કર્મચારી પાસે છે. તે કહે છે કે સરકારે હોટલો પર સર્વિસટેક્સનું ભારણ વધાર્યું પરંતુ તે સરવાળે ગ્રાહકના માથે આવે છે. સરકાર કેમ હોટલના મેનુના ભાવ ઓછા કરીને તેમાંથી સર્વિસ ટેક્સ વસૂલી શકતી નથી તેવો વેધક સવાલ આ કર્મચારીએ કર્યો છે. સરકાર મેનુના ભાવમાં ઘટાડો કરાવીને તેમાંથી સર્વિસ ટેક્સના નાણાં વસૂલ કરે તો સર્વિસ ટેક્સ હોટલ પર નાંખ્યો એમ કહી શકાય. હકીકતમાં આ ટેક્સ તો હોટલમાં જમવા જતો ગ્રાહક ભોગવે છે, હોટલ સંચાલક તેના મેનુના ભાવમાં એક પૈસાનો પણ ઘડાટો કરતો નથી. આ લોકો પર શાસન કરતા શાસકોએ આ વાત સમજવા જેવી છે.

**ગુજરાતી ફિલ્મ બનાવો, જાતે જ જૂઓ...**

ગુજરાતમાં ગુજરાતી ફિલ્મો બનાવીને ગૌરવ લઈ રહેલા નિર્માતાઓને ધીમે ધીમે એવા અનુભવ થવાં લાગ્યા છે કે તેઓની હિંમત ગુજરાતી નહીં પણ હિન્દી ફિલ્મ બનાવવા માટે ખુલી જશે. કારણ એવું છે કે ગુજરાતી ફિલ્મ જ્યારે સિનેમાગૃહ કે મલ્ટીપ્લેક્સમાં રજૂ થાય છે ત્યારે ગુજરાતી ફિલ્મ બનાવીને સંતોષ લઈ રહેલો નિર્માતા ક્યાં કેટલા રૂપિયા ચૂકવે છે તે સહન થાય તેવું નથી. ફિલ્મ શૂટીંગના લોકેશન થી લઈને ફિલ્મને ચાર પાંચ સપ્તાહ ચલાવવા માટે કેટલીય ધમકીઓને વશ થવું પડે છે. રાજ્ય સરકારના મનોરંજન કર કમિશનરેટ અને માહિતી ખાતામાં ગુજરાતી ફિલ્મ ટેક્સ ફ્રી કરાવવા શું કરવું પડે છે તે અહીં લખાય તેમ નથી. મલ્ટીપ્લેક્સમાં પોસ્ટર લગાવી રાખવાના લાખો રૂપિયા ચૂકવવા પડે છે. પ્રેક્ષકો ન મળે ત્યારે ટીકીટ ખરીદવા દબાણ થાય છે અન્યથા બીજા સપ્તાહમાં ફિલ્મ ઉતારી લેવાની ધમકી આપવામાં આવે છે. પ્રાઈમ શો ક્યારેય મળતો નથી, તે શો તો હિન્દી ફિલ્મો માટે અનામત રાખવામાં આવે છે. આ બધું છતાં ગુજરાત સરકાર કોઈ જ પગલાં ભરતી નથી. આને કહેવાય ''ખુશ્બુ ગુજરાત કી...''

**ગુજરાતી નિર્માતા બનશો નહીં- નહીં તો જાતે ટીકીટો ખરીદવી પડશે**

**સાહેબજી, ગુજરાત વાઇ-ફાઇ ક્યારે થશે...**

ગુજરાતમાં ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી હતી ત્યારે ભાજપની સરકારે વાયદો કર્યો હતો કે અમે પાંચ વર્ષમાં સંપૂર્ણ રાજ્યને વાઈ-ફાઈથી સજ્જ કરીશું, આજે ચાર વર્ષ કરતાં વધુનો સમય થયો છે પરંતુ ગુજરાત વાઈ-ફાઈ થઈ શક્યું નથી. ગાંધીનગર વાઈ-ફાઈ બનાવવાની જાહેરાત કરી હતી પરંતુ સ્પીડ અને લિમિટના કારણે નાગરિકો તેનો ઉપયોગ કરી શકતા નથી. પાસવર્ડ રાખીને સચિવાલયમાં સરકારે મુલાકાતીઓને વાઈ-ફાઈથી વંચિત રાખ્યા છે. ડિજીટલ ગુજરાત અને ડિજીટલ પેમેન્ટની વાતો કરતી સરકારમાં જો નાગરિકોને વાઈ-ફાઈનો ઉપયોગ કરવા નહીં મળે તો તે કેશ કરન્સી તરફ આકર્ષાશે અને મોદી સરકારનું સપનું ચકનાચૂર થશે. કેશલેસ કરન્સીની વાતો કરવી હોય તો હાઈસ્પીડ ઈન્ટરનેટ ફેસેલિટી આપવી જોઈએ તેવું નાગરિકો કહી રહ્યાં છે.

**યુએસની કંપનીઓ -વેઇટ એન્ડ વોચ- છે...**

ગુજરાતમાં મૂડીરોકાણ કરવા આતુર બનેલી અને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં સરકાર સાથે અમેરિકાની જે કંપનીઓએ એમઓયુ સાઈન કર્યા છે તે કંપનીઓ હાલ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના ભય હેઠળ છે. આ કંપનીઓ મૂડીરોકાણનો નિર્ણય મુલતવી રાખી શકે છે અથવા તો પ્રોજેક્ટ રદબાતલ કરી શકે છે. જો આમ થશે તો મેઈક ઈન ઈન્ડિયા અને મેઈક ઈન ગુજરાતના સ્લોગન માત્ર રસ્તા પર લટકતાં પાટીયા જેવા થઈ જશે. કહેવાય છે કે અમેરિકાની ૧૫થી વધુ કંપનીઓએ ગુજરાત સરકાર સાથે છેલ્લા પાંચ વર્ષમાં પ્રોજેક્ટ સ્થાપવાના એમઓયુ કર્યા છે. અમેરિકાની આ કંપનીઓ જો ગુજરાતમાં રોકાણ કરે તો અમેરિકામાં તેને હદ બહારના ટેક્સ ચૂકવવા પડે તેમ છે તેથી આ કંપનીઓ અમેરિકામાં જ રોકાણ કરવા મજબૂર બની છે. ગુજરાત માટે આ ભયસ્થાન છે.

**હોટલના મેનુમાં ભાવ વધે પણ સર્વિસ ટેક્સ તો ગ્રાહકોએ જ ભરવાનો**

**સોલાર પોલિસીની ખામીઓ શોધાય છે...**

સરકારમાં સોલાર પોલિસીની ખામીઓ શોધાય છે. સરકાર નવી નિતી બહાર પાડવાની હતી પરંતુ તેમાં વિલંબ થઈ રહ્યો છે, કારણ કે ભૂતપૂર્વ ઉર્જા પ્રધાનની આ દેન છે. તેમણે જાહેર કરેલી સોલાર પોલીસીમાં અનેક ક્ષતિઓ હોવાથી આજે પાડોશી રાજસ્થાન નંબર વન તરફ આગળ વધી રહ્યું છે. એક સોલાર ઉત્પાદકે કહ્યું હતું કે ગુજરાત કરતાં રાજસ્થાન અને અન્ય રાજ્યોની સોલાર પોલિસી ઉદ્યોગને અનુરૂપ છે તેથી અમે મૂડીરોકાણ કરવા માટે અન્ય રાજ્યોને પ્રેફરન્સ આપી રહ્યાં છીએ. સીએમ ઓફિસમાં મિટીંગો થાય છે પરંતુ ખામી ભરેલી પોલિસીના સ્થાને નવી પોલિસી જાહેર થતી નથી. એવું કહેવાતું હતું કે વાયબ્રન્ટ સમિટ પૂર્વે પોલિસી જાહેર થશે પરંતુ સરકાર હજી સુધી કરી શકી નથી તે વિકાસશીલ રાજ્યની કમનસીબી છે.

**પોલિસી બનાવાય છે અમલ થતો નથી...**

સરકાર પોલિસી બનાવે છે પરંતુ જો તેનું અસરકારક અમલીકરણ ન થાય તો તે પોલિસીનો કોઈ અર્થ રહેતો નથી. ગુજરાતમાં આનંદીબહેન પટેલની સરકારે બે વર્ષમાં બે ડઝન પોલિસી બનાવી છે અને વિજય રૂપાણીની સરકારે છ થી વધુ પોલિસી જાહેર કરી છે પરંતુ આ પોલિસી પ્રમાણે જો સરકાર ત્વરીત નિર્ણય લઈ શકે તો તે ઉદ્યોગોને કામ લાગી શકે તેમ છે. ઉદ્યોગોનો પ્રતિભાવ છે કે સરકારમાં અમે પોલિસી પ્રમાણે દરખાસ્ત કરીએ છીએ તો વિવિધ ક્વેરી ઉભી કરીને અમારા પ્રોજેક્ટને વિલંબમાં પાડવામાં આવે છે. ક્વેરીરહીત મંજૂરીઓ મળે તો અમે ઝડપથી પ્રોજેક્ટ સ્થાપી શકીએ. ગુજરાતમાં નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગોને વધારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક ઉદ્યોગજૂથના પ્રતિનિધિએ કહ્યું હતું કે હું અમારી કંપનીના પ્રોજેક્ટ માટે છેલ્લા બે વર્ષથી સચિવાલયના ધક્કા ખાઈ રહ્યો છું પરંતુ મારી ફાઈલ પેન્ડીંગ રાખવામાં આવેલી છે.

**ઈન્સેન્ટીવ નહીં લેનારને પ્રથમ તક આપો...**

સરકાર પાસેથી જમીન કે પ્રોજેક્ટના ઈન્સેન્ટીવ નહીં લેતા ઉદ્યોગજૂથોને સરકારે સામે ચાલીને બોલાવવા જોઈએ એવું એક તારણ નિકળે છે. ઉદ્યોગજૂથની જમીન, ઉદ્યોગજૂથનું મૂડીરોકાણ અને ઉદ્યોગજૂથનું એડમિનિસ્ટ્રેશન હોવા છતાં જો પ્રોજેક્ટને વિવિધ પ્રકારની મંજૂરીઓ ન મળે તો એ ઉદ્યોગજૂથ હારી-થાકીને બીજા રાજ્યમાં જવા પ્રેરાશે- એ વાત સરકાર સમજવા તૈયાર નથી. છત્તીસગઢની ભાજપની સરકાર ઉદ્યોગજૂથને જમીન સહિતની તમામ મંજૂરીઓ માત્ર ૪૮ કલાકમાં જો આપી શકતી હોય તો ગુજરાત સરકાર કેમ નહીં તેવો પ્રશ્ન સચિવાલયમાં ઉદ્યોગજૂથોના પ્રતિનિધિઓમાં ચર્ચાઈ રહ્યો છે. ઈન્ડસ્ટ્રીયલાઈઝેશનમાં ગુજરાત નંબરવન છે તેવું કહેવું ભૂલભરેલું છે, કારણ કે નાના રાજ્યો પણ સ્પર્ધાની દોડમાં ઘણાં આગળ નિકળી રહ્યાં છે.

**ધ્યાન રાખજો, 'ઉડતા પંજાબ'ની જેમ 'ઉડતા ગુજરાત' ફિલ્મ ન બને**

**શાકભાજી પશુઓને કેમ ખવડાવવા પડે છે...**

ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નોને સમજવા માટે કોઈ તૈયાર નથી. પોલિટીકલ પાર્ટીઓ આક્ષેપ અને પ્રતિઆક્ષેપ કરે છે પરંતુ ખેડૂત સંગઠનોની માગણીઓ શું છે અને તેનો નિવેડો કેવી રીતે આવી શકે તે અંગે કોઈ વિચારતું નથી. ગુજરાત એ ખેતીપ્રધાન રાજ્ય છે તેથી ખેડૂતો સરકારની મદદ કે સહાય વિના તેમનું એગ્રી ઉત્પાદન ચાલુ જ રાખવાના છે. નોટબંધીમાં બહુ મોટી તકલીફો પડી છતાં ખેડૂતોએ ખેતીના પાકોની વાવણીમાં ઘટાડો કર્યો નથી. ખેડૂતોને સિંચાઈના પાણી, સમયસર વીજળી અને સરકારની સહાય સમયસર નહીં મળે તો ખેડૂતોની આર્થિક હાલત ખરાબ જ થવાની છે. ટામેટા, બટાટા અને ડુંગળીના ભાવ એટલી હદ સુધી નીચે ઉતરી ગયા છે કે ખેડૂતોને ટ્રાન્સપોર્ટેશન મોંઘુ પડતા તે તેમના પશુઓને ખવડાવી દેતા જોવા મળ્યાં છે. આ સિસ્ટમનો જ વાંક છે. જ્યારે સરકારને ભાન થાય છે ત્યારે ખેડૂત ઓલરેડી બરબાદ થઈ ચૂક્યો હોય છે.

**ગુજરાતને ઉડતા પંજાબ નહીં બનાવો...**

ગુજરાતમાં આજે ડ્રગ્સનું દૂષણ એટલું ઘર કરી ગયું છે કે જેની ઝાળમાં યુવાનો હોમાઈ રહ્યાં છે. પોલીસના રેકોર્ડમાં એવું છે કે પહેલાં ગુજરાતમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાનનો બોર્ડર પરથી દારૂ આવતો હતો હવે આ દારૂ પંજાબ અને હરિયાણાથી આવે છે. નશાબંધીના નિયમોનું પાલન કરવામાં ગૃહ વિભાગના અધિકારીઓ પારવધા છે પરંતુ બહારથી આવતો વિદેશી શરાબ અટકાવી શકતા નથી. પંજાબમાં સત્તા પરિવર્તન થઈ રહ્યું છે તેથી નશાના કારોબારમાં રોકાયેલા તત્વોની નજર હવે ગુજરાત પર મંડરાઈ છે ત્યારે સરકારે બોર્ડર વિસ્તારમાં ચેકીંગ વધારીને નશીલા દ્રવ્યોની ઘૂસણખોરી સામે આક્રમક બનવું પડે તેવા સંજોગો છે. ગુજરાતના યુવા ધનને બચાવવા માટે સરકારે આ સળગતી સમસ્યા સામે જોવું પડશે, કારણ કે ગાંધીનગર જેવા રાજકીય નગરમાં પણ ડ્રગ્સનું દૂષણ વધી રહ્યું છે જે પોલીસની રહેમનજર હેઠળ ચાલે છે.